# બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડ,પાલનપુર

બનાસ/એનીમલ લીફટીંગ ટ્રેવીસ/૫૭૯૫ તા.૦૯/૦૧/૨૦૧૮

## પરિપત્ર

આથી, બૃહદ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, હાલમાં જિલ્લાના દૂધ ઉત્પાદકો આધુનિક પશુપાલન તરફ વળેલ છે. જેનાથી દુધના ધંધામાં મજુરી ઘટાડવા સાથે પશુઓની તંદુરસ્તી સુધરે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે જેના લીધે દૂધનો ધંધો આર્થિક પોષણક્ષમ બનેલ છે. જિલ્લામાં દૂધ ઉત્પાદકોના અમુક પશુઓ બીમારીના કારણે જયારે બેસી જાય છે તે દરમ્યાન પશુને ઉભા કરવા માટે ખેડૂતોને એનીમલ લીફટીંગ ટ્રેવીસની ખાસ જરૂરીયાત રહે છે જે તેઓને મળતી ન હોવાને કારણે દૂધ ઉત્પાદકો મુશ્કેલી અનુભવતા હોય છે.

ખેડૂતોને પોતાના ગામની જ દૂધમંડળીમાં સહેલાઈથી એનીમલ લીફટીંગ ટ્રેવીસ મળી રહે તે હેતુથી દૂધ સંઘની નિયામક મંડળની તા.૯/૧૧/૨૦૧૭ ના રોજ એનીમલ લીફટીંગ ટ્રેવીસ ખરીદવા માટે વિવિધ પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવી ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી નીચેની બંને પાર્ટીઓને એકજ ભાવથી એક વર્ષ માટે પુરા પાડવા અંગેનું નકકી કરવામાં આવેલ છે.

| અ.નં. | કંપનીનું નામ | એનીમલ લીફટીંગ ટ્રેવીસ દીઠ ભાવ રૂપિયામાં (પશુને ઉભુ કરવાની ઘોડી) |
|---|---|---|
| ૧ | બ્રહ્માણી વેલ્ડીંગ વર્કસ,વડગામ | ૧૮,૮૮૦/- |
| ૨ | પટેલ ટ્રન્ક ફેકટરી,આણંદ | ૧૮,૮૮૦/- |

દૂધ મંડળીઓએ એનીમલ લીફટીંગ ટ્રેવીસ મંડળી ખાતે વસાવવા માટે મંડળીનો ઓર્ડર તેમજ લેટરપેડ પર માંગણી કરી બનાસડેરી ખાતેના મેઈન સ્ટોર/સબ સ્ટોર વિભાગમાંથી મેળવવાની રહેશે. એનીમલ લીફટીંગ ટ્રેવીસની કુલ કિંમત મંડળીના દૂધ બીલેથી કપાત કરવામાં આવશે.

તો દરેક દૂધમંડળીએ દૂધ ઉત્પાદકોના હિતમાં ૧(એક) એનીમલ લીફટીંગ ટ્રેવીસ વસાવવા અનુરોધ છે.

**સીની.મેનેજર(એમ.પી.)**

**નકલ સવિનય રવાના:-**

- માન. ચેરમન સાહેબ, વા.ચેરમન સા. તથા તમામ બોર્ડ ડીરેકટરશ્રીઓ.....આપશ્રીની જાણ સારૂ.
- ઈ.મેનેજીંગ ડીરેકટર સા.....જાણ સારૂ.

**નકલ રવાના:-**

- બૃહદ બનાસકાંઠા જિલ્લાની તમામ દૂધ મંડળીઓ/ મિલ્ક કલેકશન સેન્ટરો તરફ.....અમલ કરવા સારૂ.
- તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ......અમલ કરાવવા સારૂ.
- શ્રી સીની.જનરલ મેનેજર સા./ શ્રી ઓ.એસ.ડી.(એમ.પી.)/ ઝોનલ અધિકારી-૧,૨,૩.....જાણ સારૂ.
- શ્રી ઈન્ચાર્જ મેઈન સ્ટોર/સબ સ્ટોર.....જાણ સારૂ.